# દરેક જણે કોરોના એન્ટીબોડી ટેસ્ટ કરાવવો જોઈએ

(હવે કોરોના એન્ટીબોડી કરાવવાના દિવસો આવી ગયા છે. કોરોના એન્ટીબોડી પોઝીટીવ હોય તો શું ?)

કોરોના એન્ટીબોડી પોઝીટીવ હોય તો કોરોના થઈને મટી ગયો છે. કોરોના એન્ટીબોડી IgG પોઝીટીવ હોય તો કોરોના થયો છે એવું ન માનવું.

અરે, હવે વિપુલ અને નિલેષ બંને જણા રવિવારે સવાર વડના ઝાડ નીચે બેઠા છે. વડની ડાળો ઉપર પોપટ વડના ટેટા



ખાયને નીચે ફેંકી રહ્યો છે. કાબર, ચકલી અને પોપટ પોતપોતાની મસ્તીમાં છે. જમીન ઉપર ખીસકોલી પોતાની મસ્તીમાં નાચી રહી છે. પવન ઠંડો આવી રહ્યો છે. વાતાવરણમાં ગભરાહટ છે. બધાને કોરોનાનો ડર સતાવી રહ્યો છે. જે લોકોને કોરોના થઈ ગયો છે એ લોકો મોજમાં ફરે છે અને જે લોકોને કોરોના નથી થયો એ બધા ભારે ચિંતા સાથે ફરી રહ્યા છે. એક છીંક... આવે તો થોડો તાવ આવે અથવા થોડી ઠંડી લાગે... લોકો ગભરાઈ જાય છે. પહેલા પ્રશ્ન એક થાય છે મનમાં કે કોરોના હશે. બીજો પ્રશ્ન એ થાય કે મેલેરિયા હશે. ત્રીજો પ્રશ્ન થાય કે ડેન્ગ્યુ હશે... એવી જ રીતે વાયરલ ફીવર, કમળો, ટાઈફોઈડ વગેરેના ખરાબ સપના લોકોના મનમાં આવી રહ્યા છે... ધીમે ધીમે જીવન રાબેતા મુજબનું થઈ રહ્યુ છે. છતાં લોકો ભયભીત છે. લોકો હસતાં-હસતાં એમ કહેતા જોવા મળે છે કે, અત્યારે તો હોસ્પિટલ અને ડૉકટરને ઘી-કેળા છે. ત્યાં અચાનક જ ગાંડાભાઈ આવી ગયા અને બોલ્યા.... ભાઈ, એવું નથી. ડૉકટરો ખૂબ જ હિંમતનું કામ કરી રહ્યા છે.



તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

ભારતમાં પચ્ચાસ હજાર લોકો કરતાં પણવ ધારે કોરોનામાં હોમાઈ ગયા છે. પૈસાએ બીજી બાબત છે પણ દર્દીની સહાય કરવી અને ટ્રીટમેન્ટ આપવી એ ખૂબ અઘરી બાબત છે. એ જાનના જોખમે માનવજાતને બચાવે છે અને ખાસ કરીને કોવિડ-૧૯ હોસ્પિટલોમાં સરકારી હોય કે પ્રાઈવેટ જે ડૉકટરો કામ કરી રહ્યા છે એમને સલામ છે. એ ખરેખર અભિનંદનને પાત્ર છે. એ જ લોકો કોરોના વોરિયર્સ છે. વિપુલથી રહેવાયું નહીં... ડૉકટરો તો ધન્યવાદને પાત્ર છે જ... પણ ડૉકટરોના હાથ નીચે કામ કરતાં નર્સ અને હોસ્પિટલનો તમામ સ્ટાફ એ પણ અભિનંદનને પાત્ર છે અને હાં... લેબોરેટરીમાં જે ટ્રેન ટેકનિશિયન નાક અને ગળામાંથી પીપીઈ કીટ પહેરીને લોકોના કોરોના માટેના સેમ્પલ લે છે એ પણ અભિનંદનને પાત્ર છે. ત્યાં નિલેષભાઈથી રહેવાયું નહીં... કોરોનાના બધા રિપોર્ટ, સાચા જ આવતા હોય છે!! ત્યાં અચાનક ડાહ્યાભાઈ બોલ્યા. કોરોનાની બે પદ્ધતિ છે એક છે RT-PCR અને બીજી છે એન્ટીજન કાર્ડ. એન્ટીજન કાર્ડમાં થોડી સમસ્યાઓ છે. કારણ કે એની સેન્સેટીવીટી ૫૦% છે. જેમાં એન્ટીજન કાર્ડ પોઝીટીવ આવે એમને કોરોના હોય. પણ જેમનું એન્ટીજન કાર્ડ નેગેટીવ આવે તેમને કોરોના નથી એવું ના કહેવાય. જો તાવ, ઉધરસ, ખાંસી ચાલુ રહે તો ફરી વાર એન્ટીજન કાર્ડ કરાવી લેવું જોઈએ. ગાંડાભાઈથી રહેવાયું નહીં એટલે ડાહ્યાભાઈ તમારું એવું કહેવું છે કે RT-PCR માં ૧૦૦% સાચા જ રીઝલ્ટ હોય છે, તો ડાહ્યાભાઈ બોલ્યાં જેમાં કોરોના પોઝીટીવ હોય એ ખરેખર પોઝીટીવ જ હોય કારણ કે તેની સ્પેસેફિકસીટી ૧૦૦% છે. હા જો RT-PCR નેગેટીવ આવે અને શરદી, ઉધરસ, ખાંસી અને તાવ હોય તો તે પણ ફરી કરાવી લેવો જોઈએ.

ગાંડાભાઈથી રહેવાયું નહીં, તો એક લેબોરેટરીમાં RT-PCR નેગેટીવ આવ્યું અને બીજી લેબમાં પોઝીટીવ આવ્યું તો સાચું શું ?!! ડાહ્યાભાઈએ કહ્યું આ RT-PCR છે. પોઝીટીવ રિપોર્ટ હંમેશા કોરોના બતાવે છે. પણ જો ટેકનિકલ ખામી હોય તો ટેસ્ટ નેગેટિવ આવી શકે છે. ટેકનિકલ ખામી એટલે તમારી સેમ્પલ નાક અને ગળામાંથી બરાબર ન લેવાયું હોય અથવા ટ્રાન્સપોર્ટમાં બરાબર ન સચવાયું હોય અને જે મીડિયમમાં સેમ્પલ લીધું હોય એ વાતાવરણના લીધે બગડી જાય તો તમારો રિપોર્ટ નેગેટીવ આવી શકે છે. અને એમાં CT-Value ખૂબ જ અગત્યની હોય છે. જો તમારા કોરોનાની CT-Value ૧૪-૨૦ની વચ્ચે હોય તો વધઆરે પ્રમાણમાં કોરોના છે. તમારી CT-Value ૨૧-૩૦ની વચ્ચે તો તમારો કોરોના મધ્યમ પ્રકારનો છે. જો CT-Value ૩૦ ઉપર છે તો તો તમારો કોરોના નબળો પોઝીટીવ છે. એટલે તો તમારો કોરોના RT-PCR પોઝીટીવ હોય તો તમને કોરોના છે જ. હવે વાત કરીએ એન્ટીબોડી જેને કોરોના થાય એનું શરીર કોરોનાનું એન્ટીબોડી બનાવે જે કોરોનાની સામે લડે. કોરોનાના વાયરસના એન્ટીજન ઉપર જયારે કોરોનાનું એન્ટીબોડી હાવી થાય ત્યારે કોરોના મટે. એન્ટીબોડી શરીરમાં ઘણાં લાંબા સમય સુધી હોય છે. એટલે એ માણસ કોરોના પ્રુફ કહેવાય એટલે કે એને કોરોના ફરીથી જલ્દી નથી થતો. એટલે કોરોના એન્ટીબોડી એ શરીરની રોગપ્રતિકારક શક્તિ ઉપર છે. રોગપ્રતિકારક શક્તિ અને ઉંમર ૫૦થી નાની હોય તો કોરોના અઠવાડિયામાં મટી જાય છે. જેમને કોરોનાથી થતો ન્યુમોનિયા નથી થતો... ગાંડાભાઈ સાંભળો... દરેક જણે કોરોના એન્ટીબોડી ટેસ્ટ કરાવી લેવો જોઈએ.

જો એન્ટીબોડી તમારું પોઝીટીવ આવે તો સમજવું કે તમને કોરોના થઈને મટી ગયો છે. હાં... એવું બને કે તમે નબળી રોગપ્રતિકારક શક્તિવાળા વ્યક્તિને એ કોરોના ચેપ આપી શકો છો... એટલો તે માસ્ક પહેરવો અનિવાર્ય છે. વારંવાર હાથ ધોવા જરૂરી છે. બંને તો જાહેરમાં જવાનું ટાળો.


વિપુલભાઈથી રહેવાયું નહીં.... ચાલો આપણે બ્લડબેંકમાં જઈને કોરોના એન્ટીબોડી ટેસ્ટ કરાવી લઈએ કારણ કે પ્લાઝમા થેરેપી માટે કોરોના એન્ટીબોડી બ્લડબેંક વાળા અને અમુક લેબોરેટરીવાળા કરે છે...

shraddhablood@gmail.com

# કેન્દ્રીય વિદ્યાલય દ્વારા રાષ્ટ્રીય ખેલકૂદ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૩૦

કેન્દ્રિય વિદ્યાલય નંબર ૧, સેક્ટર ૩૦, ગાંધીનગર મી ૨૯મી ઓગસ્ટ નાં રોજ રાષ્ટ્રીય ખેલકુદ દિવસ ની ઉજવણી થઈ હતી. હોકી ચેમ્પિયન મેજર ધ્યાનચંદજી ને પુષ્પ અર્પણ કરી ને કાર્યક્રમની શરૂઆત થઈ, ત્યારબાર વિદ્યાલયનાં પ્રાચાર્ય મોહન ચંદ્ર સત્યાવલી દ્વારા પ્રસંગ ને અનુરૂપ સુંદર ભાષણ આપવામાં આવ્યું, તેમને જણાવ્યું કે વ્યાયામનું સ્વસ્થ જીવન જીવવા માટે કેત્તું મહત્વ છે, તેમને અભિભાવકો ને પણ બાળકો ને દિવસ માં ઓછામાં ઓછ્રુ



એક કલાક શ્રમ કરવાની સલાહ આપી. મેજર ધ્યાનચં નાં હોકી ની રમત પ્રત્યેનાં યોગદાન વિષે જણાવ્યું હતું.

ત્યારબાદ મેજર ધ્યાનચંદ ની દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. વ્યાયામ શિક્ષક એસ.એસ. મિશ્રા દ્વારા વ્યાયામનાં મહત્વ અને ખેત રત્ન પુરસ્કાર પર ભાષણ આપવામાં આવ્યું. વિધાર્થી ઓએ એ આ કાર્યક્રમ માં પૂરી સંખ્યા માં ભાગ લીધો અને ફિટનેસ પર તેમના મંતવ્યો રજુ કર્યા. ઓનલાઈન પ્રશ્નોતરીનું ઓન લાઈન આયોજન થયું અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. કળા શિક્ષક દ્વારા પોસ્ટર / ચિત્ર પ્રતિયોગીતાનુ આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય અતિથી ધ્વારા વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા પિતા ને સંદેશ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સી.પી.વરમોરા સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. કોરોના મહામારીનાં લીધે પૂરો કાર્યક્રમ એક વેબિનારમાં સંકલિત કરવામાં ભવદીપ ઝાલા, કોમ્પુટર શિક્ષક દ્વારા કરવા આવ્યો હતો.

# એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનનું ગૌરવ

ગાંધીનગર, તા. ૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ બી.એડ. કોલેજ સેક્ટર-૨૩, ગાંધીનગરના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ ભવર ગણેશભાઈ વલસાડ જીલ્લાની કપરાડા અભ્યાસિક પ્રવૃત્તિઓ, નાવીન્ય પૂર્ણ પ્રયોગો, સામાજિકક્ષેત્રે ઉત્સાહપૂર્વક વિશિષ્ટ યોગદાન આપવા બદલ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ૧૫ ઓગસ્ટના રોજ બેસ્ટ શિક્ષક તરીકેનો એવોર્ડ આપવામાં આવ્યો હતો,જે બદલ સર્વ વિદ્યાલય કેળવણી



પ્રાથમિક શાળા, વિજયકુમાર ટી.ચાવડા બોટાદ જીલ્લાની વનાળી પ્રાથમિક શાળામાં અને સ્નેહલકુમાર કોઠાવાલા વેલવાસ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની ફરજ બજાવેછે તેમને વર્ષ ૨૦૧૯-૨૦ના દ્વિતીય સત્ર દરમ્યાન સમગ્ર ક્લસ્ટરમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહ- મંડળ,ફેકલ્ટી ઓફ અજ્યુકેશનના ડીન પ્રો.વીણાબેન પટેલ,એસ. એસ.પટેલ બી.એડ. કોલેજના એચ.ઓ.ડી. ડૉ.જિજ્ઞાસાબેન જોશી તેમજ સ્ટાફ પરિવારે ગૌરવની લાગણી અનુભવી હતી.તેમજ બંને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિએ સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ દ્વારા વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સ્થિત સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૪મી જન્મજયંતિની યાદગાર ઊજવણી માટે ફળાઉ અને ઔષધીય સહિત ૪૦ વૃક્ષોનું વાવેતર



કરીને તેના ઉછેર માટે પ્રતિજ્ઞા લીધી હતી. સામાજિક આગેવા ઝીલુભા ધાંધલે જણાવ્યું હતું કે, વૃક્ષારોપણ સ્થળનું નામ ઝવેરચંદ મેઘાણી વન રાખવામાં આવ્યું છે. ભૂપેન્દ્ર ગજ્જર, લાલજી હેરમા, અશોકભાઈ પરમાર, રમેશભાઈ પાઠક, હેમાંગ દોશી, કિશોર માતરિયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે દિપ પ્રાગટ્ય બાદ ચીકું, સરગવા, પારિજાત, કરેણ, સીતાફળ, દાડમ,જાંબુ, બિલીપત્ર, લીમડા અને વડ સહિત વૃક્ષોના રોપા વાવવામાં આવ્યા હતા. કોર્પોરેટર હર્ષાબા ધાંધલની ગ્રાન્ટમાંથી અહીં તાર ફેન્સીંગ કરી અપાશે. જયારે સેકટર-૨૩ના ગુરુકુળ દ્વારા ટપક સિંચાઈની લાઈન ફીટ કરી અપાશે. રણછોડભાઈ માતરિયા અને તેની પત્નિ નિર્મળાબેને કાયમ માટે પાણી, ખાતર અને ઉંધઈ સહિતની દવાઓની જવાબદારી લીધી હતી.

## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે

# ઈન્ટરનેશનલ કોન્ફરન્સ (ICRISET-2020)નું આયોજન





વલ્લભ વિદ્યાનગર, તા. ૩૦

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય કોલેજ ખાતે TEQIP-III, AICTE, ચારૂતર વિદ્યામંડળ ,ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સીટી, ઈન્ડિયન સોસાયટી ફોર ટેક્નિકલ એજ્યુકેશન ના સંયુક્ત ઉપક્રમે તા.૦૪/૦૯/૨૦૨૦ થી તા.૦૫/૦૯/૨૦૨૦ દરમ્યાન ઈન્ટરનેશનલ કોન્ફરન્સ "રિસર્ચ એન્ડ ઈનોવેશન ઈન સાયન્સ, એન્જિ. એન્ડ ટેકનોલોજી "વિષય પર યોજાશે. જેમાં સિવિલ એન્જીનીયરીંગ, ઈલેક્ટ્રિકલ એન્જીનીયરીંગ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ, કોમ્પ્યુટર એન્જીનીયરીંગ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્જીનીયરીંગ, મિકેનિકલ એન્જીનીયરીંગ તથા પ્રોડકશન એન્જીનીયરીંગ ,મેથેમેટિક્સ એન્ડ હ્યુમાનિટી સાયન્સ, ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ, એમ કુલ ૬ ટ્રેક્સ માં પુરા વિશ્વ માંથી ૪૫૦ જેટલા રિસર્ચ પેપર્સ સબમિટ થયા હતા જેમાંથી અંદાજે ૩૫૦ જેટલા રિસર્ચ પેપર્સ પસન્દગી પામ્યા છે

ICRISET-2020 ના ઉદ્દઘાટન સમારોહ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડૉ.અનિલ સહસ્ત્રબુદ્ધે (ચેરમેન, AICTE), ડૉ.પ્રદીપસિંહ દેસાઈ (પ્રેસિડેન્ટ, ISTE),એન્જીનીયર ભીખુભાઈ પટેલ (અધ્યક્ષ, ચારુતર વિદ્યામંડળ), ડૉ.ઈંદ્રજિત એન. પટેલ (પ્રિન્સિપાલ,બીવીએમ),તથા ટેક્નિકલ એક્સપર્ટ તરીકે એલેક્ઝાન્ડર જેરમાનેકો (વાઈસ રેક્ટર ઓફ રિસર્ચ,યુરલ ફેડરલ યુનિવર્સીટી,રશિયા), ડૉ.ગૌતમ ચટ્ટોપાધ્યાય (સિનિયર સાયન્ટિસ્ટ, NASA), ડૉ.સીરીન (અમેરીકન યુનિવર્સીટી ઓફ શારજાહ ચેર,ગ્લોબલ એન્જીનીયરીંગ ડીન્સ કાઉન્સિલ) ઉપસ્થિત રહેશે.




હિન્દુ આધ્યાત્મિક અને સેવાસંઘ તથા પર્યાવરણ સંરક્ષણ ગતિવિધિ દ્વારા આયોજિત પ્રકૃતિ વંદના કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દ્વારા સમગ્ર વિશ્વમાં લોકો ઘરે બેઠા પ્રકૃતિ વંદના કરી શકે વૃક્ષ નું પૂજન કરી શકે તે માટે કાર્યક્રમ નું આયોજન ઝુમ એપ દ્વારા કરવામાં આવેલ. દેશ વિદેશ ના લોકો મોટી સંખ્યામાં જોડાઈ આ પ્રકૃતિ વંદના કાર્યક્રમ માં પુજા કરી હતી . શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ મંદિર ખાતે પ્રકૃતિ વંદના અંતર્ગત તુલસીજી ની પૂજા કરી આ કાર્યક્રમ માં જોડાઈ પ્રકૃતિ વંદના કાર્યક્રમ મારફત લોકો માં પર્યાવરણ અંગે જાગૃતિ આવે તે અંગે સંદેશ આપ્યો હતો.

# જન્મદિને વધામણી




દક્ષરાજસિંહ અંબુસિંહ ગોલ



અદિશ્રી અર્પિત જોશી



નમ્રતા સી શુક્લ



સ્મિતા રાજેશકુમાર દુલેરા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ડભોડા હોમગાર્ડઝ યુનિટ ખાતે કોરોના ટેસ્ટ કેમ્પનું આયોજન



ડભોડા, તા. ૩૦

હાલમાં ફેલાઈ રહેલા કોરોના વાઈરસ કોવિડ-૧૯ને વિશ્વવ્યાપી મહામારી ગણેલ છે. આ રાષ્ટ્રીય આપદા દરમિયાન ગાંધીનગર જિલ્લાના ડભોડા યુનિટના હોમગાર્ડઝે પોતાની ફરજ નિષ્ઠાનો પરિચય આપી પોતાનું આગવું યોગદાન આપ્યું છે. નોવેલ કોરોનાની અસરો તથા રોગ નિયંત્રણની કામગીરીને પહોંચી વળવા માટે ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા લોકડાઉન અને અનલોક સમયમાં હોમગાર્ડઝ જિલ્લા કમાન્ડન્ટ વી.આર પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ડભોડા યુનિટના સભ્યોએ કાયદો અને વ્યવસ્થા ડાળવવા ડભોડા પોલીસ સ્ટેશન ઉપરાંત સેક્ટર-૨૧, ઈન્ફોસિટી, પેથાપુર, ચિલોડા ખાતે તથા હાલમાં સલામતી શાખા, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે કામગીરી કરી હતી. આ કોરોના વોરિયર્સને પમ કોરોનાનું સંક્રમણની તકેદારી રુપે ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડભોડાની ટીમ દ્વારા ૫૮ સભ્યોનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં બધા જ નેગેટીવ આવતાં દળના સભ્યોએ ખુશી વ્યક્ત કરી હતી.



આ કેમ્પનું આયોજન કરવા બદલ ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડભોડાની ટીમ મેડિકલ ઓફિસર વિપુલભાઈ ચાવડા, સુપરવાઈઝર બાબુભાઈ પટેલ, હેલ્થ વર્કર વિરલભાઈ મોદી અને તેમની ટીમનો યુનિટના ઓફીસર દશરથભાઈ એમ. પરમારે આભાર વ્યક્ત કર્યો હતો.



સરહદ સુરક્ષા દળ, ગુજરાતના ફ્રન્ટિયર હેડ કવાર્ટર ખાતે ફીટ ઈન્ડિયા મુવમેન્ટ કાર્યક્રમ અંતર્ગત સાયકલ સુરક્ષા આયોજિત કરવામાં આવી હતી. આ રેલી બીએસએફના હેડક્વાર્ટરથી વાયુસેના ચૌક, આઈઆઈટી ગાંધીનગરથી અરણ્ય ઉદ્યાન ચૌકથી પાછી ગાંધીનગર કેમ્પસ સુધી આયોજિત કરવામાં આવી હતી. આ રેલીમાં બીએસએફ ગાંધીનગરના અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. સવારે વરસાદ પડતો હોવા છતાં બીએસએફ સાયકલ ચાલકોના ઉત્સાહમાં કોઈ કમી આવી ન હતી.